# પૂજ્ય શ્રી લાલચંદભાઈના પ્રવચન નં. LA ૧૯૯
# શ્રી સમયસાર ગાથા-૬ તથા કળશ ૧૮૫.
# અમદાવાદ ૨૩/૧૧/૮૯ પહેલી ૯ મિનિટમાં અવાજ છે

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. પ્રથમ જીવ નામનો અધિકાર, ગાથા નં ૬ છે. ૫ ગાથા સુધીમાં આચાર્ય ભગવાને ફરમાવ્યું કે હું એકત્વ-વિભક્ત આત્માની વાત કહીશ. જે અનંતકાળથી આત્મા આવા આત્માના સ્વરૂપને જાણતો નથી. અનંતકાળથી જીવો શુભાશુભ પરિણામ, આગળ વધે તો શુદ્ધ પરિણામ, એ બે પ્રકારના પરિણામથી આત્મા સહિત હોય પણ પરિણામથી આત્મા રહિત છે એ વાત જગતના અજ્ઞાની જીવોને લક્ષમાં આવતું નથી. સહિત છે ત્યારે રહિત છે. અભાવ થાય ત્યારે રહિત છે તેમ નથી.

અનંત અનંતકાળ વિત્યો, અનંતકાળથી આત્મા પોતાના શુદ્ધાત્માને દેહથી રહિત હોવા છતાં દેહથી સહિત માને છે. આઠ કર્મથી રહિત હોવા છતાં સહિત માને છે. પુણ્ય-પાપના પરિણામથી આત્મા રહિત હોવા છતાં સહિત માને છે. એનાથી આગળ વધે તો શુદ્ધ પરિણામ સંવર, નિર્જરા અને મોક્ષ એનાથી આત્મા સહિત છે એમ માને છે. કહે છે તે માન્યતા જીવની અનાદિકાળની અજ્ઞાન છે. પરિણામ માત્રથી આત્મા ભિન્ન છે, જે ઉપાદેય તત્ત્વ છે, જે આશ્રયભૂત તત્ત્વ છે. જેમાં દ્રષ્ટિ લગાવતા, અહમ આવતાં આત્માને આત્માનો અનુભવ થાય છે. એવો એક સામાન્ય સ્વભાવ આત્મા. પદાર્થના બે રૂપ છે સામાન્ય અને વિશેષ. સામાન્ય-ત્રિકાળ તે ને તે, તે ને તે, તે ને તે, જે અનંતગુણાત્મક પિંડ છે ગુણનો. જ્ઞાન, દર્શન, ચારિત્ર ઇત્યાદિ.

એ જે શુદ્ધાત્મા અનાદિ-અનંત અને વિશેષમાં જે પર્યાયો થાય છે, એ પરિણામ થાય છે પણ પરિણામથી આત્મા રહિત છે. ત્યાં સુધી જીવ આવ્યો નથી. આ એક અત્યારે ભારતમાં મુખ્યપણે કુંદકુંદઆચાર્યના પાંચ શાસ્ત્રો છે, છ. તેમાં મુખ્ય બે પ્રવચનસાર અને સમયસાર. આ બે શાસ્ત્ર એમાં આખો જિનાગમનો સાર આવે છે. પ્રવચનસારની રચના એટલા માટે થઈ કે આખા જગતના પદાર્થોથી હું સહિત છું, પરિણામથી તો સહિત માને છે. પણ જગતના પદાર્થો મારા પોતાપણે ભાસે છે, ભિન્નપણે એને ભાસતા નથી. એટલે પ્રવચનસારની રચના થઈ એમાં પદાર્થની સિદ્ધિ કરી.

પદાર્થની સિદ્ધિ એટલે એક પદાર્થમાં બીજા પદાર્થની નાસ્તિ. એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત પોતાના પરિણામથી સહિત. પ્રવચનસાર પોતામાં ઉત્પન્ન થતાં પરિણામ, પોતાથી નહીં પણ ઉત્પન્ન થતાં જે પરિણામ એનાથી આત્મા સહિત છે. શુદ્ધ પરિણામ હો કે અશુદ્ધ પરિણામ હો, એ બધા પરિણામથી આત્મદ્રવ્ય સહિત છે. અને પરદ્રવ્યથી આત્મા રહિત છે, ભિન્ન છે. એને શાસ્ત્રીય ભાષાએ સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયની નાસ્તિ. એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત બે પદાર્થને જુદા પાડે છે. જ્યારે બે પદાર્થને જુદા પાડે ત્યારે આ કુટુંબ, કબીલા, દેહાદી, મોટર, ધન-ધાન્ય એ કોઈ મારા નથી. કેમકે મારામાં એની નાસ્તિ, નાસ્તિ એટલે ન-અસ્તિ, મારામાં એનું ન હોવાપણું. એનામાં ભલે હોય છ દ્રવ્ય, પણ મારામાં એનો અભાવ છે.

મારા સ્વચતુષ્ટયમાં દ્રવ્ય, ગુણ, પર્યાયમાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવું એક પદાર્થનું

સ્વરૂપ છે પદાર્થ. એ પદાર્થમાં પર પદાર્થની નાસ્તિ છે. એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત થતા એને બે દ્રવ્યની જે એકતા હતી, પરદ્રવ્યમાં મમતા હતી, તે મમતા એને ગળવા મંડે છે. મિથ્યાત્વ ગળવા મંડે છે. દેહાદી મારા નથી. કેમકે દેહની મારામાં નાસ્તિ છે. હા, મારા પરિણામની મારામાં અસ્તિ, પદાર્થ પદાર્થની સિદ્ધિ. અસ્તિ નાસ્તિ અનેકાંતના બે પ્રકાર છે. એક પ્રમાણ સપ્તભંગી અને એક નયસપ્તભંગી, શાસ્ત્રીય ભાષાએ. પ્રમાણ જ્ઞાનથી આત્મા પરદ્રવ્યથી જુદો ભાસે છે. પરદ્રવ્ય રજકણ કોઈ મારું નથી. મારા તો મારામાં પરિણામ થાય છે. એ મારા છે ને એને હું કરું ને ભોગવું એમ પદાર્થની સિદ્ધિ પ્રવચનસારમાં થઈ ગઈ.

હવે જગત આખું પ્રમાણના વિષયમાં અટક્યું (છે), જૈનમતમાં આવ્યો. જો અસ્તિ-નાસ્તિ અનેકાંતથી પરપદાર્થને જુદા પાડતો નથી એ તો અજૈન છે. એ તો નામે (પણ) જૈન નથી. દેહને પોતાનો માને, લક્ષ્મીને પોતાની માને, મકાનને પોતાનું માને, ફેકટરીને પોતાની માને, હરિભાઇ! એ તો બે દ્રવ્યની એકતા કરે છે. એ તો અજૈન છે. એ તો નામે પણ જૈન નથી. એ તો એણે ખીચડો કર્યો. જડ-ચેતનની એકતા. હવે એમાં એક ભેદજ્ઞાન જો કરે કે આ સ્વદ્રવ્ય આદિ તે હું અને પરદ્રવ્ય આદિ મારા નહીં તો એને મમત્વ ગળવા મંડે છે, પરપદાર્થની કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિનું ઝેર ઉતરવા મંડે છે. અને જો એ પરપદાર્થ મારાથી ભિન્ન છે તો પરપદાર્થને જાણતા મને આત્મજ્ઞાન થતું નથી. માટે પરદ્રવ્યની એકત્વબુદ્ધિ છૂટતા એને કર્તા-ભોક્તાબુદ્ધિ છૂટે છે અને એની જ્ઞાતાબુદ્ધિ ગળવા મંડે છે. ટળી નથી હજી.

એને બે દ્રવ્યની ભિન્નતા ભાસે છે કે આત્મા પ્રમાણજ્ઞાનનો વિષય એમાં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય, વિકાર, અવિકાર એટલું જ છે. એટલું વર્તુળ ટૂંકું થઈ ગયું. પરથી આત્મા જુદો પડી ગયો. પરપદાર્થને અને મારે કાંઈ લેવા-દેવા સંબંધ નથી. આ દીકરો જન્મે તોપણ શું અને મરે તોપણ શું, દેહ ટકે તોપણ શું અને દેહ જાય તોપણ શું, કાંઈ મારે લેવા-દેવા નથી. આહા! લક્ષ્મી આવે તોપણ ઠીક, લક્ષ્મી જાય તોપણ ઠીક કેમકે જેની મારામાં નાસ્તિ હોય એના આવવા જવાથી આત્માને લાભ-હાનિ કાંઈ થતો નથી. ભિન્ન છે. આહાહા!

કહે છે કે તે અસ્તિ-નાસ્તિ અનેકાંત પ્રમાણજ્ઞાનથી, પરથી આત્મા જુદો પાડે છે. અને એ પ્રવચનસારથી પદાર્થની સિદ્ધિ છે એમાં. પણ પદાર્થની સિદ્ધિ થઈ પણ પ્રયોજનની સિદ્ધિ એમાં થતી નથી, વિદ્વાનો-પંડિતો એમાં રોકાઈ ગયા. અત્યારે પ્રચાર થાય છે કે પ્રવચનસાર વાંચો. આહા! હવે ૧૯ વખત સમયસાર વાંચ્યું કે ૧૯ વખત પ્રવચનસાર વાંચ્યું? ગુરુદેવે. એનો તો વિચાર કાંઈક કર તું, ગુરુદેવની ક્યાં ભૂલ કાઢવા માંડ્યો. પણ અનાદિકાળથી પદાર્થનો પક્ષ છે. પરથી એને જુદો ખ્યાલમાં લીધો પણ અંદરમાં હવે એક બીજું અસ્તિ-નાસ્તિ અનેકાંત સુધી નથી પહોંચતો એ. એ બીજા નંબરના અસ્તિ-નાસ્તિ અનેકાંતમાં જ્યારે આવે ત્યારે એને આત્માનો અનુભવ થાય છે.

પ્રવચનસાર પરદ્રવ્યથી આત્માને જુદો પાડે છે. એક પરમાણુમાં બીજા પરમાણુની નાસ્તિ, પરમાણુમાં પર્યાયની નાસ્તિ એ પ્રવચનસારનો વિષય નથી. શું કહ્યું? પરમાણુ છે એની પર્યાય તો થાય ને? ટાઢી, ઊની પર્યાય થાય છે. એ પર્યાયથી આ પરમાણુ ભિન્ન છે એ પ્રવચનસારનો વિષય નથી. પ્રવચનસાર લિમિટેડ. એક પરમાણુમાં બીજા પરમાણુનો અભાવ. જીવમાં અજીવનો અભાવ,

ચેતનમાં જડનો અભાવ. બે દ્રવ્યને જુદા પાડનાર પ્રવચનસાર શાસ્ત્ર છે. હવે પ્રવચનસાર શાસ્ત્ર તો લખ્યું પણ સાથે સમયસાર શાસ્ત્રની રચના પણ કરી. કેમકે અનાદિથી પ્રમાણનો જીવને પક્ષ છે. પ્રમાણજ્ઞાનમાં અન્ય મતનું ખંડન થઈ ગયું.

અને સમયસારમાં અનેકાંતમાં પર્યાયથી ભેદ કરીને આત્માનો અનુભવ કર્યો ત્યારે મિથ્યાત્વનો નાશ થઈ જાય. એટલે આ સમયસાર શાસ્ત્ર એની છઠ્ઠી ગાથામાં એની પૂર્વે આચાર્ય ભગવાને એમ કહ્યું-પરથી આત્મા જુદો છે એમ તો અમે પ્રથમથી જ કહેતાં આવીએ છીએ. આખું પ્રવચનસાર લખ્યું છે. હવે એક તને મારે બીજી વાત કરવી છે કે, ફરમાવો પ્રભુ! તારામાં જે પરિણામ ઉત્પન્ન થાય છે ને એનાથી આત્મા ભિન્ન છે. એ અસ્તિ-નાસ્તિ અનેકાંત. એક પ્રમાણનું અસ્તિ-નાસ્તિ અનેકાંત અને એક નયનું અસ્તિ-નાસ્તિ અનેકાંત. નયજ્ઞાન છે એ ત્રિકાળ સ્વભાવથી ક્ષણિક પર્યાયને જુદી પાડી દયે છે.

અસ્તિ-નાસ્તિ અનેકાંત એટલે જ્ઞાયકતત્ત્વમાં શુભાશુભભાવની નાસ્તિ છે, અસ્તિ નથી ન-નથી. એમ પ્રમત અને અપ્રમત ૧૪-ગુણસ્થાનનો આત્મામાં અભાવ છે. એ અંદરમાં અસ્તિ-નાસ્તિ અનેકાંત કર્યું. હજી પરપદાર્થ મારા છે એને આ અંદરનું અસ્તિ-નાસ્તિ અનેકાંતનો ખ્યાલ પણ ન આવે. એવું તે હોય કોઈ દિવસ? પરિણામથી રહિત હોય આત્મા? આહાહા! એ વાત અંદરની અસ્તિ-નાસ્તિ અનેકાંત અનેકાંતવાદ છે, હોં! આ જૈનદર્શન અનેકાંતવાદી. એ અનેકાંતમાં એણે ક્યાં ખતવી નાખ્યું જગતના જીવોએ, અનેકાંત એટલે અનંત ધર્માત્મક એક પદાર્થ તે અનેકાંત છે. પણ એ અનેકાંત તો અનુભવ પછી થાય છે. એને પહેલાં અનેકાંતનો પક્ષ લઈ લીધો. પ્રમાણજ્ઞાન પણ અનુભવ પછી થાય. પહેલા પ્રમાણાભાસ હોય.

અનેકાંતના બે અર્થ. એક અનુભવ થયા પછી આત્મામાં અનંતગુણ, અનંતપર્યાય, અનંતધર્મ જણાય જાય એને પણ પ્રમાણજ્ઞાન કહેવાય, અનુભવ પછી. અને પહેલા અસ્તિ-નાસ્તિ અનેકાંતથી એ પર્યાયનું લક્ષ છૂટીને દ્રવ્યનું લક્ષ કરાવે છે. એકત્વ-વિભક્ત આત્માને કહીશ. ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠયો કે એકત્વ શું અને વિભક્ત શું? કેનાથી જુદો? સમયસાર કહે છે કે દેહથી જુદો અને પરથી જુદો એ હવે મારે કહેવું નથી. એ પહેલી ચોપડીનો પાઠ હતો (તે) પૂરો થયો હવે તું બીજા ક્લાસમાં આવ્યો. બીજો ક્લાસ કહેવાય શું કહેવાય? હં.. આ બીજા ધોરણમાં આવ્યો, પહેલું ધોરણ પૂરૂં થઈ ગયું.

હવે પહેલા ધોરણમાં તું પાસ થયો કે નપાસ થયો, એ હમણાં હું તને માર્ક નહીં આપું. બીજા ધોરણમાં જો પાસ થાઈશ તો પહેલા ધોરણમાં પાસ કહેવાઈ. પાઠ બે જ છે. બીજું જાજુ તો નથી. કોઈએ મુંજાવા જેવુ નથી. આહા! કે આટલા શાસ્ત્ર ક્યારે વાંચીએ ને આ ક્યારે સંસ્કૃત ને આ માગધી ને અમે કાંઈ જાણતા નથી ને નય શું ને નિક્ષેપ શું ને પ્રમાણ શું એ બધુ વિદ્વાન પાસે રહેવા દયો. આપણે તો એક જ વાત કે આત્મામાં પરિણામનો અભાવ છે. એટલું લે ને ભાઈ! તે એકત્વ-વિભક્ત આત્માનો પ્રશ્ન પૂછ્યો કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું? કે જે આપ કહેવા માંગો છો. અને જે વિભક્ત એટલે પરિણામથી આત્મા જુદો છે એવા શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે તે કૃપા કરીને મને સમજાવો.

આ પહેલા ધોરણમાં કે બીજા ધોરણમાં આવ્યો છે પણ પહેલા ધોરણમાંથી બીજા ધોરણમાં આવ્યો ને એ લાંચ આપીને આવ્યો છે. ખરેખર પાસ થયો નથી. ચડાવો થયો છે. લાગવગ. કોઈ પ્રધાનનો છોકરો હોય વિગેરે વિગેરે. એ બીજા ધોરણમાં જ્યારે પાસ થાય ત્યારે પહેલા ધોરણનું પાસનું

સર્ટિફિકેટ મળે એવું છે આ.

એ પ્રશ્ન કરે છે. **હવે પ્રશ્ન ઉપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે?** એવો શુદ્ધાત્મા કોણ છે કે તમને જે કહેવાનો ભાવ આવ્યો છે. એવો શુદ્ધાત્મા કોણ છે? અમે તો આત્માને કહીએ છીએ કે શુભાશુભભાવને કરે છે, પુણ્યથી ધર્મ થાય ને હાથ હલાવે, સમજી ગયા? ફેક્ટરીનું બરાબર ધ્યાન રાખે તો ફેક્ટરી ચાલે, દુકાન બરાબર સરખી ચાલે ધ્યાન રાખે તો, આહાહા! એવું આત્માનું સ્વરૂપ નથી. પરનું ધ્યાન રાખે તે આત્મા નથી અનાત્મા છે. આહા! હજી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પડ્યો છે. ધર્મધ્યાનની શાંતિ એને પ્રગટ થતી નથી.

એવો શુદ્ધાત્મા કોણ છે કે આપ કહેવા માંગો છો? એક પ્રશ્ન, બીજો પ્રશ્ન સાથે સાથે કરે છે કે એનો અનુભવ કેમ થાય? અનુભવ અને અનુભવનો વિષય બે પ્રશ્ન કર્યા. પહેલો અનુભવ કેમ થાય એ પ્રશ્ન ન મૂક્યો. જેનો અનુભવ કરવો છે એવો ભગવાનઆત્મા, જીવતત્ત્વ સામાન્ય શું છે એ? એવો પહેલો પ્રશ્ન થયો અને પછી એમ કહ્યું કે એને જાણવો જોઈએ એટલે કે એને અનુભવવો જોઈએ. એનું સ્વરૂપ પૂછ્યું છે. પૂછે એને આપે છે, આહાહા! હવે ગુજરાતી (ગાથા) બોલો બધા સાથે.

**નથી અપ્રમત કે પ્રમત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાત તે તો તે જ છે.** ૬.

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो ।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव** ॥६॥

આહાહા! મંત્રો છે. આ ઝેર ઉતારનારા મંત્રો છે. જેવી રીતે સર્પ કોઈને કરડયો હોય પછી મંત્રવાળા આવે અને મંત્ર ભણે તો ઝેર ઉતરી જાય. ઝેર ઉતરવાનો તો એનો સ્વકાળ છે, આ તો માત્ર એમાં નિમિત્ત છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સહજ બને એમાં કર્તા-કર્મની ભ્રાંતિ થાય, કે મંત્ર આવ્યો માટે સર્પનું ઝેર ઉતર્યું. સો ટકા ખોટી વાત છે. મંત્રથી ઝેર ઉતર્યું જ નથી. ઝેર ઉતારવાનો એનો સ્વકાળ છે ઉપાદાનની પર્યાયનો, ત્યારે એને અનુકૂળ મંત્ર છે તેને નિમિત્ત કહેવામાં (આવે છે). (ઝેર) એનાથી ઉતર્યું એમ વ્યવહારી જનો કહે છે. આહા! પણ એમ છે નહીં.

એમ અહીંયા આ છઠ્ઠી ગાથા છઠ્ઠીના લેખ છે. આહા! છઠ્ઠીના લેખ છે પણ પર્યાયથી સહિત, પર્યાયથી સહિત નહિતર એકાંત થઈ જશે, નહિતર એકાંત થઈ જશે. આહાહા! એમ ને એમ રહી ગયો અનંતકાળથી. જ્ઞાની ઉપર પણ વિશ્વાસ નથી. સમર્થ આચાર્ય કહે છે કે તારો આત્મા તારા પરિણામથી રહિત છે. દેહથી તો રહિત ને તારા કુટુંબથી તો લાખો જોજનનું છેટું છે. નિરંજનને અને કલ્યાણભાઈને તો લાખો જોજનનું છેટું છે. આહાહા! પણ પરિણામ ઉત્પન્ન થાય છે એનાથી આત્મા સર્વથા ભિન્ન છે. અરે! કથંચિત ભિન્ન છે કે સર્વથા ભિન્ન છે? સર્વથા ભિન્ન છે. સર્વથા ભિન્નનો શા માટે પ્રયોગ કરે છે? કે સર્વથા અભિન્ન માની બેઠો છે. રાગથી આત્મા સર્વથા અભિન્ન માની બેઠો છે એનું ઝેર ઉતારવા માટે સર્વથા ભિન્નનો પ્રયોગ કરવામાં આવે છે. સર્વથા ભિન્ન કહેતાં, અનુભૂતિ થતાં અનુભૂતિ થાય છે ત્યારે કથંચિત ભિન્ન અભિન્નનું જ્ઞાન થાય છે. આહાહા!

આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે અને આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદભાવ છે. શું કહ્યું? ભગવાનઆત્મા જે સ્વભાવ છે એમાં કથંચિત શુદ્ધ અને કથંચિત અશુદ્ધ જયાં ત્યાં ક્યાં તું લગાડવા

માંડ્યો. સર્વથા શુદ્ધ છે આત્મા. સર્વથા શુદ્ધ છે. આહા! અગ્નિ સર્વથા ઉષ્ણ છે. ઊભા રહો સર્વથા ઉષ્ણ નહીં કથંચિત ઠંડી કહો. અગ્નિનાં સ્વભાવમાં કથંચિત ન હોય એ ઉષ્ણ જ હોય. એમ આ ભગવાનઆત્મા પરિણામ માત્રથી ભિન્ન છે. એવા આત્માને એક વાર દ્રષ્ટિમાં લે. પરિણામ છે પણ પરિણામથી રહિત આત્મા છે. એનું લક્ષ કર અને પરિણામનું લક્ષ છોડી દે.

**ગાથાનો અર્થ:- જે જ્ઞાયકભાવ છે**, આહા! જ્ઞાયકથી તો શરૂઆત કરી હતી. જે કર્તા છે ત્યાંથી શરૂઆત નથી. શું કહ્યું આ? માની બેઠો છે કે હું કર્તા છું, હું બધાને સમજાવી દઉં. હું બોધ આપું તો બીજાને સમ્યગ્દર્શન થાય. મૂરખ છે, મૂઢ છે. આહાહા! એલા! તારાથી બીજાને સમ્યગ્દર્શન થાય? સમ્યગ્દર્શન તો એના આત્માથી થાય. એના આત્માનો આશ્રય કરશે ત્યારે થાય. આહા!

**જે જ્ઞાયકભાવ છે**, જાણનાર જાણનાર જાણનાર છે, કરનાર કરનાર કરનાર કરનાર છે જ નહીં. વસ્તુના સ્વભાવમાં કરવું તો છે જ નહીં. બંધનો તો કર્તા નથી પણ મોક્ષની પર્યાયનો પણ આત્મા કર્તા નથી. કેવળજ્ઞાનનો કર્તા નથી તો સમ્યગ્દર્શનનો કર્તા ક્યાંથી થાય? થાય ત્યારે તેને જાણે પણ કરે એ તો આત્માના સ્વભાવમાં નથી. જ્ઞાયકથી શરૂઆત કરી છે. જાણનાર આત્મા જાણનાર, આહા! જ્ઞાયકભાવ છે, છે તે અનાદિઅનંત. જ્ઞાયકભાવ નવો પ્રગટ થતો નથી. વસ્તુ અનાદિઅનંત દ્રવ્ય સ્વભાવ, દ્રવ્યનો સ્વભાવ અનાદિઅનંત પરિણામથી ભિન્ન છે. ત્રિકાળ ભિન્ન છે. તે કારણે આત્મા પરિણામનો કર્તા નથી અને તે કારણે પરિણામનો જ્ઞાતા પણ નથી. કેમકે ભિન્નને જાણે તો આત્માનું જાણવાનું રહી જાય છે. માટે કર્તા પણ નથી અને પર્યાયનો જ્ઞાતા પણ નથી.

વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન આવે છે ને? હા એ તો કોઈ કોઈને કોઈ વખતે, આહા! એ ભિંડની ચર્ચા થઈ છે, સંવાદ એમાં બધો ખુલાસો છે. મોહરાજા બહુ પ્રશ્ન કરે છે. જ્ઞાયકભાવ જાણનાર જાણનાર, અહીંયા(અંદર) હોં! અહીંયા જાણનાર બિરાજમાન છે. તે કેવો છે? **તે અપ્રમત પણ નથી.** સાતમાં ગુણસ્થાનથી ૧૪ માં ગુણસ્થાનના પરિણામોને પરમાત્મા અપ્રમતદશા કહે છે. અપ્રમત એટલે પ્રમાદ વહ્યો ગયો. સાવધાન થઈ ગયો છે, આત્મામાં લીન છે. આત્મામાં લીનતા છે. રાગમાં લીન હતો હવે આત્મામાં લીન થયો એવી અપ્રમાદ દશા, આહાહા! પ્રમાદ છૂટી ગયો.

તે પરિણામ સાત થી ચૌદ ગુણસ્થાનના પરિણામ આત્મામાં નથી. અને પ્રમત પણ એક થી છ ગુણસ્થાન એ પણ આત્મામાં નથી. એ નથી એમ કહ્યું. છે, ગૌણ કરો, વ્યવહારનયે છે અને નિશ્ચયનયે નથી. આહા! કોઈ નયનો પ્રયોગ કર્યા સિવાય સ્વભાવની સિદ્ધિ કરે છે. સ્વભાવ સિદ્ધ કરવા માટે નયની અપેક્ષા નથી પણ જે સ્વભાવ સમજતો નથી એને નય દ્વારા સમજાવે છે. તો આ નયથી શુદ્ધ છે અને આ નયથી અશુદ્ધ છે એમ છે નહીં. એ તો પ્રથમથી જ શુદ્ધ છે. એને નયની જરૂર નથી. નયથી નિરપેક્ષ છે આત્મા. આત્મા આત્માને જાણે ત્યારે શુદ્ધ થાય એમ નથી. આત્મા આત્માને જાણે કે ન જાણે એ તો પ્રથમથી જ શુદ્ધ છે. અનાદિઅનંત શુદ્ધ છે, નિરપેક્ષ શુદ્ધ છે. આહા!

સંવર, નિર્જરા અને મોક્ષ શુદ્ધ પર્યાય છે એ સાપેક્ષ છે. અને ત્રિકાળીદ્રવ્ય તો નિરપેક્ષ છે, એને કોઈ પર્યાયની અપેક્ષા નથી. નથી કહ્યું છે, હોં! આ જ્ઞાયકભાવ છે એમાં આ પરિણામ, ચૌદ પ્રકારના પરિણામ જે ક્રમે ક્રમે પ્રગટ થાય છે તે પરિણામ એમાં નથી. **એ રીતે એને શુદ્ધ કહે છે**. શુદ્ધ પર્યાયથી રહિત છે માટે આત્મા શુદ્ધ છે. અશુદ્ધ, હજી તો અશુદ્ધ પર્યાયથી સહિત માને છે! શુભાશુભથી સહિત ને

પાપથી બંધ થાય ને પુણ્યથી ધર્મ થાય, આહા! પ્રભુ જે તારામાં નથી એનાથી તને શુ લાભ હાની થાય? એ તો તારાથી ભિન્ન છે તત્ત્વ. નવેતત્ત્વથી આત્મા અત્યંત ભિન્ન છે. સર્વથા ભિન્ન, સમયસારમાં લખ્યું છે. એ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે. એ રીતે એને શુદ્ધ કહે છે. શુદ્ધ પર્યાયથી રહિત માટે શુદ્ધ છે. જો શુદ્ધ પર્યાયથી સહિત માને તો તે શુદ્ધાત્માને માનતો નથી.

અરે! શુદ્ધ પર્યાયથી સહિત અમે કહીએ છીએ, અમે ક્યાં હવે અશુદ્ધ પર્યાયથી સહિત કહીએ છીએ? અમે (કહીએ છે કે) નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ થાય એનાથી આત્મા સહિત છે. કે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રના પરિણામ તને પ્રગટશે જ નહીં. તો એનાથી સહિતથી ઉપડ્યો છે રહિતથી ઉપડ તો પ્રગટ થઈ જશે. અહાહા! આ રહિત અને સહિતની રમત છે. જૈનદર્શનમાં રહિત ને સહિતની રમત છે.

**એને શુદ્ધ કહે છે**. શુદ્ધ શા માટે? એ શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તેને આત્મદ્રવ્ય કહેવામાં આવે છે. અરે! એ તો પ્રવચનસાર લખ્યું છે. એ સમયસાર ક્યાં છે? એ સમયસારમાં કાં ખતવવા મંડયો? સાથે સમયસાર તો રાખ. શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ તેને આત્મદ્રવ્ય કહેવાય છે. એ તો પદાર્થની સિદ્ધિ કરી. એમાં પ્રયોજનની સિદ્ધિ ન થાય. છે તો થોડું પણ હવે પૈસા કમાવાની પાછળ એવો પડી ગયો છે. આહા! એક રજકણ તો સાથે તો લઈ જાશે નહીં અને જીવતા દાન કરતો નથી. જીવતા દાન પણ કરતો નથી. સાથે પૈસો આવવાનો નથી. આહા!

પ્રભુ! તું એક વખત આત્માને શુભાશુભ પર્યાયથી ભિન્ન, પુણ્ય-પાપથી ભિન્ન પુણ્ય-પાપનું લક્ષ છોડી દે. એ તારી ચીજ નથી. જે શુદ્ધ અને અશુદ્ધ પર્યાયથી રહિત માટે શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ એ આત્મદ્રવ્ય છે. ત્યાં દ્રવ્યની સિદ્ધિ કરી છે. અહીંયા જીવતત્ત્વની સિદ્ધિ કરવી છે. જીવદ્રવ્ય જુદું અને જીવતત્ત્વ જુદું, જીવદ્રવ્ય પર્યાયથી સહિત છે, જીવતત્ત્વ પર્યાયથી રહિત છે. આ શું? આ શું? આ વસ્તુનું સ્વરૂપ છે. હળદરના ગાંઠીએ ગાંધી થઈ જાય. વક્તા થઈ જાય મોટા. ભાઈ! બહુ જવાબદારી છે. એમ ફેંકાફેંક કરાય નહીં. આ વીતરાગની ગાદી પર બેસીને એમ છે નહીં. આહા! એને નુકસાન થાય. પહેલાં તો વક્તાને નુકસાન થાય. શ્રોતાને તો એની યોગ્યતા હોય તો નુકસાન થાય, નહીંતર સમજી જાય આ ખોટો છે, બોલે નહીં કાંઈ, મૌન થઈ જાય. ફેંકાફેંક કરે છે આમથી આમ. સ્થિર, વિવેક રાખે, બોલે નહીં કાઇ. માટે વક્તાની જવાબદારી તો શ્રોતા કરતાં વધારે છે. ગમે તેમ ફેંકાફેંક ન ચાલે.

અહીંયા કહે છે કે શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત છે આત્મા. **એને શુદ્ધ કહે છે**. ભગવાન સર્વજ્ઞદેવ, '**भणंति**' સર્વજ્ઞ ભગવાન આમ ફરમાવે છે. આ બધાના આત્માઓ એમાં ઉત્પન્ન થતાં પરિણામ, એની બાજુમાં ઉત્પન્ન થતાં પરિણામ, એમાં નહીં. જીવમાં પરિણામ ઉત્પન્ન ન થાય. જીવની જોડે, જીવથી ભિન્ન બીજા ક્ષેત્રમાં થાય છે એ. પ્રદેશભેદ છે, આહાહા! ત્યાં તો ખળભળાટ .. અજ્ઞાનીની! અજ્ઞાની તો તોફાન જ કરે ને બીજું શું? ધંધો જ એનો એ છે. એને બિચારાને સમજાતું નથી. એનો પણ વાંક નથી, એને સમજાતું નથી એટલે-સમજવાનો પ્રયત્ન કરતો નથી, નહીંતર સમજાય એવું છે.

**એને શુદ્ધ કહે છે** આત્મા, પર્યાય માત્રથી ભિન્ન આત્મા માટે શુદ્ધ છે. વળી, વળી શબ્દ કહીને એક બીજો વિભાગ કહેવો છે. જે શુદ્ધઆત્મા છે એ છે તો એને જાણનાર કોઈ જ્ઞાન છે કે નહીં?

શુદ્ધઆત્મા છે તો એને કોઈ જાણનાર જ્ઞાન છે કે નહીં? હા એને જાણનાર જ્ઞાન છે. **વળી જે જ્ઞાયકપણે જણાયો**, આહા! જુઓ! જણાયો, પણ કેવો જણાયો? કે હું જાણનાર છું એવો જણાયો. હું કરનાર છું એવો ન જણાયો અને હું પરનો જાણનાર છું એવો પણ ન જણાયો. જો તો ખરા! આની અંદર શું લખ્યું છે, આહાહા! **વળી જે જ્ઞાયકપણે જણાયો**, જ્ઞેયપણે જણાયો નહીં, જ્ઞેયના જ્ઞાનપણે પણ જણાયો નહીં, રાગપણે જણાયો નહીં, રાગના જ્ઞાનપણે પણ જણાયો નહીં, પણ જાણનારપણે જણાયો જે જ્ઞાયક ઉપર કહ્યો તે. એ જ્ઞાયક ઉપર કહ્યો તે જ્ઞાયકપણે એટલે જાણનારપણે. **ज्ञातः** શબ્દ છે **ज्ञातः જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે બીજો કોઈ નથી.** એ આગળ આવશે ટીકા પછી ખુલાશો કરીએ.

**ટીકા:- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઇથી ઉત્પન્ન થયો નહીં હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહીં હોવાથી અનંત છે**, આહા! શ્રીમદ રાજચંદ્રએ કહ્યું છે, કે પદાર્થ કોઈ સંયોગથી ઉત્પન્ન ન થાય, કોઇ વિયોગથી નાશ ન થાય, અનાદિઅનંત વસ્તુ હોય. દ્રવ્ય સ્વભાવ અનાદિઅનંત કેવો? પરિણામથી રહિત અનાદિઅનંત રહ્યો છે. એક સમય માત્ર પરિણામથી સહિત થયો નથી, ભૂતકાળમાં થયો નહીં, વર્તમાનમાં છે નહીં, ભાવિકાળે પણ થશે નહીં, આહાહા! ત્રિકાળ પરિણામથી રહિત ઉપાદેયભૂતતત્ત્વ ધ્યાનનું ધ્યેય, આ ધ્યેયની વાત ચાલે છે. એનું ધ્યાન કેમ કરવું તે હવે આવશે. આમાં બધુ છે એક ગાથામાં. આહા!

શું લક્ષમાં લેતાં, શું વિચાર કરતાં એને અંતર્મુખતા થાય, એને આત્માના દર્શન થાય? કે પરિણામ માત્રથી રહિત છે આત્મા. એવો જે આત્મા **પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી**, નિરપેક્ષ સિદ્ધ. શરીરનો સંયોગ થાય માટે જીવ ઉત્પન્ન થાય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ પાંચ પદાર્થ ભેગા થાય ત્યારે જીવ ઉત્પન્ન થાય. ગપ્પાં મારે છે બધા. આહા! સર્વજ્ઞ ભગવાનના મતથી બહાર છે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ, આહા! ગ્રહિત મિથ્યાદ્રષ્ટિ જીવો છે. આહા! **જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી**, આહા! એ આ આત્માની જ્ઞાનની પર્યાય આત્માને જાણે તો એ આત્મા છે એમ નથી. જ્ઞાનની પર્યાય એને પ્રસિદ્ધ કરે કે ન પ્રસિદ્ધ કરે, કેવળજ્ઞાન પ્રગટ થાય કે ન થાય એ તો અનાદિઅનંત છે. આહા! એને કોઈ પર્યાયની અપેક્ષા નથી.

નિરપેક્ષતત્ત્વ અનાદિઅનંત વસ્તુ છે - સ્વભાવ. સ્વભાવ અનાદિઅનંત હોય, તે પરાધીન ન હોય. આનાથી આ અને આનાથી આ, એ પદાર્થ નથી. આ હોય તો આ હોય અને આ હોય તો આ હોય એમ છે નહીં. સ્વતઃસિદ્ધ છે, સ્વયંભૂ આત્મા છે. આહા! સ્વયંભૂ પોતાથી રહેલો છે. **પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઇથી ઉત્પન્ન થયો નહીં હોવાથી)**, આહા! બાળક જન્મે આટલે આત્મા જન્મ્યો? અને દેહનો વિયોગ થાય એટલે આત્મા મરી ગયો? એમ છે નહીં. જનમતો પણ નથી અને મરતો પણ નથી. એ તો અનાદિઅનંત ધ્રુવતત્ત્વ સામાન્ય અનંત ગુણાત્મક છે.

**અનાદિ સત્તારૂપ છે**, જુઓ! અનાદિ એટલે? એની આદિ નથી. આત્મા ક્યારથી, અરે! ક્યારથી થયો? દ્રવ્યનું થવું હોય નહીં. દ્રવ્યમાં થવું હોય નહીં, થયું, થવું અને થશે એ પર્યાયના ધર્મ છે. થયું, થાય અને થશે એ બધા પરિણામના ધર્મ છે. દ્રવ્યસ્વભાવ તો અનાદિઅનંત, આહાહા! **અનાદિ સત્તારૂપ છે**. સત્તા એટલે હોવારૂપ, અસ્તિત્વરૂપ, સત્. સત્ કહો સત્તા કહો, અસ્તિત્વ કહો, હોવાપણું કહો. અનાદિ સત્તારૂપ છે, એક. એ અનાદિ ભૂતકાળ કહ્યો. હવે ભવિષ્યકાળ, **કદી વિનાશ પામતો નહીં હોવાથી**,

આહા! આત્માનો નાશ કદી (ન થાય). પર્યાય ઉપજે વિણસે. પર્યાય ઉત્પન્ન થાય અને પર્યાય નાશ થાય. પણ ભગવાનઆત્મા દ્રવ્યસામાન્ય એ તો ઉપજતો નથી અને મરતો પણ નથી.

**કદી**, કદી શબ્દ વાપર્યો છે, આહા! કોઈપણ કાળે, કોઈ કાળે એનો નાશ ન થાય. મનુષ્ય પર્યાય જાય અને દેવ પર્યાય આવે, એમાં ફેર બદલો પર્યાયમાં થાય પણ દ્રવ્યસામાન્ય તો, જે મનુષ્ય પર્યાયમાં આત્મા છે તે જ દેવ પર્યાયમાં છે. અને દેવ પર્યાયમાંથી કોઈ જીવ આવ્યો હોય, જે દેવ પર્યાયમાં હતો તેનો તે જીવ અહીંયા છે, પર્યાય પલટે છે વસ્તુ પલટતી નથી. "પરમેનન્ટ વીથ અ ચેન્જ" અમારા ભાઈ! મને યાદ ન હતું, આપણે કેવા? રોમેશભાઈ! ગયા વખતે. "પરમેનન્ટ વીથ અ ચેન્જ" વસ્તુ કાયમ ટકે છે અને પરિણામથી પલટે છે. આ નવીનભાઈ કહેતાં હતા આ તો વિજ્ઞાન છે વિજ્ઞાન. વિજ્ઞાન પણ જૈનદર્શનની વાતનો સ્વીકાર કરે છે. આમાં આવતું હશે એના ભણવામાં.

વસ્તુ કાયમ રહે છે. પરિણામે પલટે છે. વસ્તુ પરિણમતી નથી પરિણામ પલટે પણ વસ્તુ પલટે નહીં. મિથ્યાત્વ અવસ્થા થાય ત્યારે આત્મા મિથ્યાદ્રષ્ટિ ન થાય અને સમ્યગ્દર્શન થાય ત્યારે સમ્યગ્દ્રષ્ટિ ન થાય એવો છે જેને એનું નામ ભગવાનઆત્મા છે. મિથ્યાદ્રષ્ટિ થયો એ પણ ઉપચારના કથન છે. સમ્યગ્દ્રષ્ટિ થયો એ પણ ઉપચારના કથન. પરિણામના ધર્મને દ્રવ્ય ઉપર આરોપ કરીને દ્રવ્ય તેવું છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. આહા! આત્મા તો મિથ્યાદ્રષ્ટિ પણ નથી અને સમ્યગ્દ્રષ્ટિ પણ નથી. આત્મા તો ભગવાન છે. પરમાત્મા છે આત્મા.

એ બધા પરિણામના ધર્મો છે. પરિણામ પલટે, પરિણામ પલટે, દેહને પોતાનો માન્યો તો મિથ્યાત્વ, આત્માને પોતાનો માન્યો તો સમ્યગ્દર્શન. એવા પલટા પરિણામમાં આવે. સોનાના પરિણામ પલટે પણ સોનું પલટે નહીં. સોનીની નજર સોના ઉપર છે અને બહેનોની નજર ઘાટ ઉપર છે. બહેનોની નજર ઘાટ ઉપર છે. સમ્યગ્દ્રષ્ટિ હોય એની વાત નથી, આ તો અજ્ઞાની બહેન હોય એની વાત છે, હોં! આહા! એની નજર, પરિણામ, આ ઘાટ સારો ને આ ઘાટ ખરાબ. વિશેષ ઉપર નજર કરતાં વિષમ ભાવ પ્રગટ થયો. આ ઘાટ સારો અને આ ઘાટ ખરાબ. સોનીને ત્યાં ગયા હાર લેવા, સોની પ્રમાણિક. પછી એક અઢાર વલા સોનાનો હાર હતો અને એક ૨૨ કેરેટનો, ૨૨ કેરેટ ઊંચો હોય, હવે ઊંચું જે ૨૨ કેરેટ હતો એનો ઘાટ જરાક આને અણગમો થયો અને અઢાર કેરેટવાળો એને ગમ્યો. મને તો આ હાર ગમે છે. પણ બેન આ સોનું હલકું છે. મારે કાંઈ સોનાની સાથે સંબંધ નથી. મારે તો ઘાટ જોઈએ છીએ. સમજાણું? એની નજર ઘાટ ઉપર છે.

સોની પ્રામાણિક. બેન પણ આ સોનું હલકું છે, હોં! મારે સોનું હલકું ભારે નહીં, મારે તો ઘાટ જોઈએ છે. હું ઘાટથી શોભીશ. હલકા ભારે સોનાથી શોભીશ નહીં. જોઈ લ્યો! પર્યાય પર દ્રષ્ટિ એની. ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે, આ હાર ઠીક અને આ (હાર અઠીક). જ્ઞેયના બે ભાગલા પાડયા. આહા! જ્ઞાન નથી માટે ભાગલા પાડયા વગર રહે નહીં. અજ્ઞાની બે ભાગ પાડે છે જ્ઞેયના. આ જ્ઞેય સારું અને આ જ્ઞેય ખરાબ. અરે! જ્ઞેય તો જ્ઞેય જ છે. જ્ઞેયમાં કોઈ સારું નરસું છે નહીં. "રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે જાણ્યા એક પુદગલ સ્વભાવ જો" અહીંનું રજકણ હોય કે દેવની રિદ્ધિ હોય અમને કાંઈ ફરક લાગતો નથી. હીરો હોય કે કાંકરો હોય અમને તો બેય પુદગલ લાગે છે. હેં! આહાહા!

એવું તે હોય કાંઈ? હીરાને તો તિજોરીમાં રાખો, કાંકરાને ભલે બહાર નાખી દયો. આહા! તને

હીરાની કિંમત છે, અમને હીરાની કિંમત નથી. એ જેને ચૈતન્ય હીરાની કિંમત થઈ એને આ રજકણના હીરાની કિંમત હોય શકે નહીં. ભાવ ઉઠી ગયો છે એનો .. , ઉદાસીન છે એનાથી. **વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે**, અનાદિઅનંત છે, સિધ્ધ કર્યો આત્મા અનાદિઅનંત, જુઓ! પહેલા અનાદિ અને છેડે અનંત. બે શબ્દ છે ને? અનાદિઅનંત છે. આગળ.

**નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી**, નિત્ય પ્રગટ છે. આહા! પ્રગટ થાય છે એમ નહીં. **નિત્ય** હંમેશા **ઉદ્યોતરૂપ હોવાથી**, છે છે ને છે. તેથી **ક્ષણિક નથી.** દ્રવ્યસ્વભાવ અનિત્ય ન હોય દ્રવ્યસ્વભાવ નિત્ય હોય. અનિત્ય પર્યાય હોય. પર્યાયનો ધર્મ અનિત્ય છે. દ્રવ્યનો ધર્મ તો નિત્ય છે. **નિત્ય-ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે.** આહા! પ્રત્યક્ષ આત્મા. સંતો લખે છે આ આત્મા પ્રત્યક્ષ આત્મજયોતિ છે, અમને દેખાય છે. તને દેખાતું નથી તો તારી આંખ તે ઉઘાડ તો દેખાય. પર્યાયને જોવાની આંખ બંધ કર અને દ્રવ્યને જોવાની આંખ ઉઘાડ તો તને પણ દેખાશે. હજી તો આમ આમ (બહાર) જોયા કરે છે. અહીંયાં તો કહે છે તારા પરિણામને જોવાનું બંધ કરી દે. આહા!

**સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.** આ જ્ઞાયકની સિદ્ધિ કરવા માટે ત્રણ લીટીની ટીકા કરી. જ્ઞાયક કેવો છે? કે આવો, પોતે પોતાથી જ સિદ્ધ છે, એક. અનાદિઅનંત છે, બે. ત્રીજું નિત્ય ઉદ્યોતરૂપ છે અને ક્ષણિક નથી, અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આહા! એ તો પ્રત્યક્ષ ઝળહળ જ્યોત છે. ઝળહળ જ્યોત છે. સમ્યગ્દર્શન નવું પ્રગટ થાય, આત્મા પ્રગટ નથી થતો. સમ્યગ્દર્શન પ્રગટ થાય તે આત્મા નથી. પ્રગટ છે તે આત્મા (છે). પ્રગટ છે તે આત્મા છે. પ્રગટ થાય છે તે અમને પરદ્રવ્ય છે. અહીંયા સુધીની પરાકાષ્ટાની વાત શાસ્ત્રમાં છે. જુઓ ૧૮૫ કળશ કાઢો. સમયસારનો ૧૮૫ નંબરનો કળશ.

આમાં તો કોહીનૂરના હીરા ભર્યા છે. પણ નજર પડતી નથી. ૪૪૨ (પાનું) આહા! સમયસારને રોજ પગે લાગે. ભગવાનને પગે લાગે. દેવ, ગુરૂ, શાસ્ત્ર પછી જિનવાણીને પણ પગે લાગે. આહા! પગે લાગે પણ એનું માને બાને નહીં. એ કહે છે કે શુભભાવથી ધર્મ ન થાય, તો કહે ના સાહેબ! હમણાં નીચલી ભૂમિકામાં તો શુભભાવથી ધર્મ થાય. ઉપર જાય તે ઊંચા પ્રકારની વાત છે. અમારા માટે તો થોડો શુભભાવ હોય તો ધીમે ધીમે અમે આગળ વધીએ. હવે એ ના પાડે છે એને રોજ પગે લાગે અને એનું માને નહીં. એ કહે છે પુણ્ય-પાપથી તારો આત્મા ભિન્ન છે. તો કહે ના એ તો ભલે એમાં લખ્યું છે પણ છેવટે કથંચિત તો ખરું ને? આહા! જોઈ લેજો એના અટકચાળા, આડોડાઈ, આડોડિયો છે એ. સરળ નથી.

શ્રીમદજીએ કહ્યું, ચાર બોલ કહ્યા છે - મધ્યસ્થતા, સરળતા, વિશાળતા અને જિતેન્દ્રિયપણું, આહા! ચાર બોલ છે. આ સરળ પરિણામી જીવ હોય ને, સરળ એટલે વીતરાગી સરળતા જેમ સંતો કહે છે એની પાછળ પાછળ ચાલી અને એ કહે છે એને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, તો સમજાય. ન સમજાય એમ નથી.

**શ્લોકાર્થ :- જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે, જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ**, આહાહા! મોક્ષના ઇચ્છુક, 'માત્ર મોક્ષ અભિલાષ'. માનાર્થી નહીં, ધનાર્થી નહીં, **મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતને સેવન કરો કે**, આ સિદ્ધાંતનું સેવન કરો કે અમે કહીએ છીએ તે

સિદ્ધાંત, આહા! સિદ્ધાંત એટલે શાસ્ત્ર નહીં.

**આ સિદ્ધાંતને સેવન કરો કે**-હવે સિદ્ધાંત કહે છે. શું સિદ્ધાંત છે? **હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું.** આહા! આ ક્યારની વાત હશે? હમણાંની વાત કરે છે. **હું તો શુદ્ધ**, શુદ્ધ-અશુદ્ધ બેય નથી લખ્યું. શુદ્ધ. શુદ્ધ પર્યાય નથી, શુદ્ધ દ્રવ્ય છે. ત્રિકાળી દ્રવ્ય. ચૈતન્યમય, રાગમય નથી લખ્યું. ચૈતન્યમય લખ્યું છે. એક લખ્યું છે. અનેક નથી લખ્યું. અનેક તો પર્યાયનો ધર્મ છે, એક દ્રવ્યનો ધર્મ છે. **એક પરમ જ્યોતિ.** આહા! કેવળજ્ઞાન જ્યોતિ છે, ભગવાનઆત્મા પરમ જ્યોતિ છે. કેવળજ્ઞાન તો જ્યોતિ છે પણ આગળ પરમ નથી. એ પરમનું અવલંબન કરતાં, પરમ જ્યોતિનું અવલંબન કરતાં કેવળજ્ઞાનની જ્યોતિનો ભળકો થાય છે. આહા!

**પરમ જ્યોતિ જ**, આમાં કથંચિતને ઉડાડી નાખ્યું. સર્વથા. શું કહીએ. અભ્યાસ નથી, અભ્યાસ નથી આ જાતનો. આહા! જ, સમ્યક એકાંતનો દ્યોતક છે. કથંચિત તો નાટક છે. સર્વથા આમ જ છે. સર્વથા પરમ જ્યોતિ જ્ઞાનમય આનંદમય છે. સર્વથા, હોં! આહાહા! **હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ**, પછી શું કહ્યું? **સદાય છું.** ભૂતકાળમાં પણ એવો, વર્તમાનમાં એવો અને ભાવિ કાળમાં પણ (એવો), હું તો છું, છું ને છું, એવો રહીશ. આહા! હું કોઈ દિવસ રાગી થાઉં ને હું કોઈ દિવસ મનુષ્ય થઈ જાવ અને દેવ થઈ જાવ એમ છે નહીં. આહાહા! હું સાધક પણ થતો નથી અને હું તો સિદ્ધ પણ થતો નથી. હું તો પ્રથમથી જ મુક્ત રહેલો છું.

**સદાય** શબ્દ છે ને? **સદાય છું; અને**, હવે આગળ આપણો વિષય આવે છે. અને, એ દ્રવ્યની સિદ્ધિ કરી પરમ જ્યોતિ **અને આ જે ભિન્ન લક્ષણવાળા**, આ મારા આત્માથી જે પર્યાયો પ્રગટ થાય છે તેમના લક્ષણો ભિન્ન ભિન્ન છે. **ભિન્ન લક્ષણવાળા**, એક. **અને વિવિધ પ્રકારના**, બે. **જે ભાવો પ્રગટ થાય છે તે હું નથી.** જુઓ! હવે ચાર પ્રકારની પર્યાયના ભાવો છે. ઉદય, ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમ, એ આત્માનું લક્ષણ એમાં ક્યાંય નથી. પછી એક પ્રશ્ન થયો. એ ઓલા મુંબઇમાં. ભલે તમે આ આ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એમાં જીવનું લક્ષણ નથી એ અમને મંજૂર છે. પણ સંવર, નિર્જરા ને મોક્ષ જે પ્રગટ થાય છે એમાં તો ચેતન લક્ષણ છે, એમાં ચેતના લક્ષણ તો છે ને? મેં કીધું, ચેતના લક્ષણ છે પણ એમાં પરમપારિણામિકભાવ લક્ષણ નથી માટે તે આત્મા નથી. આહાહા! પ્રશ્નો તો આવે ને?

જુઓ! **આ જે ભિન્ન લક્ષણવાળા**, મારું લક્ષણ તો પરમપારિણામિકભાવ, આહાહા! નિરપેક્ષ તત્ત્વ છે. કર્મની કોઈ અપેક્ષા સદભાવની કે અભાવની આવતી નથી. સ્વાભાવિક, પરમપારિણામિકભાવ એટલે સ્વાભાવિક મારું રૂપ છે. અને **વિવિધ પ્રકારના**, આમાં વિધવિધતા નથી. દ્રવ્ય સામાન્ય તો એક રૂપ છે અનાદિ-અનંત. એમાં વિધવિધતા નથી. તેમાં જુદા જુદાપણું નથી. પર્યાયમાં જુદા જુદાપણું છે. **વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે.** હું તો પ્રગટ છું. હું પ્રગટ થતો નથી, પ્રગટ થાય તે પર્યાય છે. પર્યાય પ્રગટ થાય પણ હું પ્રગટ ન થાવ. તે હું નથી - પર્યાય તે હું નથી. જે પ્રગટ થાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ, મોક્ષની પર્યાય પ્રગટ થાય તે હું નથી. આહાહા!

ભલે પ્રગટ થાય પણ મારું "હું પણું" એમાં નથી. મારું "હું પણું" મેં સ્થાપ્યું તે ચોથા ગુણસ્થાને સ્થાપ્યું છે, એ શ્રેણી આવે ને પર્યાયમાં આનંદ આવે પણ આનંદની પર્યાયમાં "હું પણું" આવતું નથી કેમકે પર્યાય નવી પ્રગટ થાય છે અને પ્રગટ થાય છે તે પરદ્રવ્ય છે, હમણાં કહેશે. જરા સૂક્ષ્મ વાત છે.

આહા! હવે તો સૂક્ષ્મ જ કહેવું જોઈએ ને? **તે હું નથી, કારણ કે**, કારણ આપે છે. તે હું કેમ નથી? પરિણામ તે હું કેમ નથી - પ્રગટ થાય છે તે? **કારણ કે તે બધાય**, વિધવિધ પ્રકારના ભાવો, સઘળાય-**બધાય મને પરદ્રવ્ય છે**. આહાહા! નવતત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. વ્યવહાર મોક્ષમાર્ગ પરદ્રવ્ય, નિશ્ચય મોક્ષમાર્ગ પરદ્રવ્ય. એનું ફળ મોક્ષની પર્યાય જે પ્રગટ થાય છે તે મને પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય તો જ્ઞાયકભાવ છે. આહાહા! એ ઉપાદેય છે. અલૌકિક વાત છે.

**પરદ્રવ્ય છે**. પ્રગટ થાય તે (પરદ્રવ્ય છે), પ્રગટ તો પર્યાય થાય ને? કાંઈ દ્રવ્ય પ્રગટ ન થાય, એ તો છે, છે ને છે. છે ને? ચોખ્ખું લખ્યું છે ને? કલ્યાણભાઇ ખુશ થયા. બસ. અમારે નજીકના છે ને અમદાવાદના. અહીંયા જ જો નજર કરે ને જરાક, આમ બહાર નજર કરે છે ને એમાં પત્તો નહીં ખાય. અંદર નજર કરવી જોઈએ. અંદર શું છે, માલ ભર્યો છે. એક દ્રવ્ય અને એક પર્યાય. દ્રવ્ય તો અનાદિઅનંત છે, પ્રગટ જ છે અને પરિણામ પ્રગટ થાય છે. પ્રગટ થઈને નાશ થાય, પ્રગટ થઈને નાશ થાય. ઉત્પાદ થઈને વ્યય થાય, ઉત્પાદ થઈને ( વ્યય થાય). જે ઉપજે ને વિણશે તે જીવતત્ત્વ ન હોય. એ તત્ત્વ બીજું છે. નવતત્ત્વમાં બીજું તત્ત્વ છે. અને હું તો ઉપજતો પણ નથી અને વિણશતો પણ નથી. આહા!

જાનું મૈં જાનનહારા, દેખું મૈં દેખનહારા, કોઈ આવે કોઈ જાવ એની સાથે મારે કાંઈ પ્રયોજન નથી. હું તો એની સામે પણ જોતો નથી. આહા! હું પર્યાયની સામે જોઉં, આહા! તો અહીંથી મારું લક્ષ છૂટી જાય. પર્યાય જણાય ખરી પણ પર્યાયને હું જાણું નહીં. જાણું એકને ને જણાય અનંત. જાણું એકને અને જણાય જાય અનંત. પર્યાય ભલે જણાય ને. કોઈ વાંધો નહીં, આહા! પણ હું એને જાણવા જાવ એ હવે અમારી પાસે આશા રાખતા નહીં. અનંતકાળથી પર્યાયને, પરને જાણતા દુખી થઈ ગયો. હવે માંડ સુખ આવ્યું આત્માને જાણતા. હવે દ્રષ્ટિ ફરતી નથી.

**એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે, તે સંસારની અવસ્થામાં**, આહાહા! સંસાર એક અવસ્થા છે એક સમયની પર્યાય સંસાર. ''સંસરણ ઇતિ સંસાર", સ્વભાવથી ખસી જાય દ્રષ્ટિ અને મિથ્યાત્વના વિપરીત ભાવો આવે તેને સંસાર તત્ત્વ કહેવામાં આવે છે. આ કુટુંબ કબીલા સંસાર નથી. કુટુંબ કબીલા સંસાર નથી. સંસાર તો, કુટુંબ કબીલા મારા છે, એવો મમત્વનો જે પર્યાય ઊભો થાય, એને પરમાત્મા સંસાર તત્ત્વ કહે છે. આહા! સંસાર ને મોક્ષ એ પરિણામના વિશેષણ છે. પર્યાયનો ધર્મ છે.

**તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીરનીરની જેમ કર્મપુદગલો સાથે એકરૂપ હોવા છતાં**, શું કહે છે? અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલ્યો છે અને ભાવકર્મ અને દ્રવ્યકર્મ નિમિત્તરૂપે બંધ છે. એની અંદર જાણે કે એકરૂપ હું થઈ ગયો એમ એને અનાદિકાળથી ભેદજ્ઞાનનો અભાવ હોવાથી એક લાગ્યું છે. દુખ અને આત્મા એક જ છે, રાગ ને આત્મા એક જ છે, કર્મ ને શરીર ને આત્મા બધું એક છે, એ જુદું ભાસતું નથી. એકરૂપ હોવા છતાં એટલે એકરૂપ છે એવું પ્રતિપાદન કરવામાં આવવા છતાં ક્ષીર અને નીર, દૂધ અને પાણી એક વાસણમાં છે, એક ક્ષેત્રાવગાહ સંબંધ છે એનો, પણ દૂધ દૂધરૂપે છે અને પાણી પાણીરૂપે છે. બધા એમ (કહે કે) દૂધ લાવો, દૂધ લાવો, પણ પાણીવાળું હોય તોપણ દૂધ કહેવાય. ઓલું દૂધ જુદું ને પાણી જુદું પાડીને લાવો એમ ન વ્યવહારમાં થાય. દૂધ આપજો. ભેળસેળવાળું હોય તોપણ કહે છે કે દૂધ દૂધરૂપે છે અને

પાણી પાણીરૂપે છે. દૂધ પાણી ન થાય અને પાણી દૂધ ન થાય. એક વાસણમાં છે પણ જુદું જુદું.

ક્ષીરનીરની જેમ, દૂધ અને પાણીની જેમ. જેમ ભેળસેળ દેખાય છે. તેમ કર્મપુદગલો સાથે એકરૂપ હોવા છતાં, એટલે એક પિંડ હોવા છતાં, એનો પ્રદેશબંધ પરમાણુઓનો પ્રદેશબંધ આત્માના પ્રદેશની સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ બંધ થયો છે છતાં તે બેય જુદા છે. છતાં આત્માના પ્રદેશ જુદા અને કર્મના પ્રદેશ જુદા છે. આહા! દૂધ અને પાણી ભેગા હોવા છતાં પણ જુદા છે. **છતાં**, હવે **દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો**, ઓલી પર્યાયની અપેક્ષાએ જોવામાં આવે તો કર્મથી બંધાયેલો દેખાય છે. પણ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો એ કર્મનો અને કર્મકૃત રાગનું લક્ષ છોડીને પોતાનો ત્રિકાળ સામાન્ય જ્ઞાનાનંદ પરમાત્મા છે એના તરફ ઝુકીને, વળીને, એને જુએ તો, આને જોવાનું બંધ કરીને આને જુએ તો.

**દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (-કષાયસમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી**. સૂક્ષ્મ વાત છે. જરા જુઓ. શું કહે છે? સંસાર અવસ્થામાં અનાદિકાળથી પોતે સ્વભાવને ભૂલ્યો છે એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એવા રાગદ્વેષ, મોહના પરિણામ પ્રગટ થયા છે એનું નિમિત્ત પામીને કર્મનો બંધ પૂર્વે થયો હતો. પૂર્વે કર્મનો બંધ થયો હતો વર્તમાનમાં અબાધાકાળ તેનો પાકે છે એટલે કર્મ ઉદયમાં આવે છે.

જ્યારે કર્મ ઉદયમાં આવે છે ત્યારે આત્માના પરિણામ, પરાશ્રિત પરિણામ એ ઉદયમાં જોડાય પણ છે અને ઉદયમાં જોડાતાં શુભ-અશુભભાવો થાય છે. અહીંયા શુભ-અશુભભાવો થાય છે કે જે નવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરવામાં નિમિત્ત કારણ છે. જૂના કર્મનું કાર્ય રાગ અને નવા કર્મ બંધાય તેનું નિમિત્ત કારણ રાગ. જૂનામાં જોડાય છે રાગ થાય છે ને રાગનું નિમિત્ત પામીને નવી પુણ્ય-પાપની પ્રકૃતિઓનો બંધ થાય છે. આવી સ્થિતિમાં ભગવાનઆત્મા હોવા છતાં પણ, આહા! આવી સ્થિતિનું જ્ઞાન કરાવ્યું. આવી સ્થિતિ હોય તોપણ પરનું લક્ષ કરીને શુભાશુભભાવ અંદરમાં થાય અને નવા કર્મ બંધાય એવી સ્થિતિના કાળમાં પણ તે શુભાશુભરૂપે થતો નથી. તો શુભાશુભ કોના? કે શુભાશુભના, આત્માના નહીં.

ગહન વાત છે શિષ્ય આ. આહાહા! સંક્ષેપે કહીએ છીએ. કર્મની સત્તામાં છે કર્મ, બંધાણા છે, તેનો સ્વીકાર છે. કર્મ ઉદયમાં આવે છે તેવું જાણપણું છે. કર્મના ઉદયમાં પરિણતિ જોડાય છે. અહીં (અંદર) ન જોડાય ત્યારે, શર્ત ઈ. અહીં (અંદર) ન જોડાય ત્યારે પરમાં જોડાય છે. એ જોડાતા ઓલું નિમિત્ત અને રાગાદિ નૈમિત્તિક, એવા શુભાશુભભાવ પણ પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં નહીં. પર્યાયમાં થાય છે. અને એનું નિમિત્ત પામીને નવી કર્મની પ્રકૃતિનો બંધ પણ (થાય છે). આવો ચક્રાવામાં રહેલો ભગવાનઆત્મા હોવા છતાં પણ એ શુભાશુભભાવ તેના સ્વભાવે પરિણમતો નથી. દયાના ભાવે આત્મા પરિણમતો નથી. હિંસા, અહિંસાના પરિણામ ભલે થાવ પણ હું એ રૂપે થતો નથી. એટલી તો જુદાઈ અંદરમાં રહી ગઈ છે. આહાહા!

સ્વભાવ ને વિભાવ કદી એક થાય નહીં. એક થાય તો વિભાવ ટળે નહીં. આહા! સ્વભાવ અને વિભાવ જોડે છે સાથે સાથે, સ્વભાવ સ્વભાવરૂપે છે અને વિભાવ વિભાવરૂપે છે. સ્વભાવમાં વિભાવની

નાસ્તિ, એનું નામ અનેકાંત છે. અનેકાંત ભેદજ્ઞાન પરખ છે. એકલું અનેકાંત જ્ઞાન પ્રધાન નથી. જાણવા માટે નથી. આહા! ભલે સાથે હોય વિભાવભાવ પણ સ્વભાવ સ્વભાવરૂપ અને વિભાવ વિભાવરૂપ, કાંઈ બગડતું નથી.

આ **સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો**, જુઓ! આ ઉપરથી બધી વાત કરી હમણાં, ત્યાં આખો ચક્રાવો થાય છે. સત્તા, કર્મનો ઉદય, કર્મના ઉદયમાં જોડાય, જોડાય તો એને શુભાશુભભાવ થાય, શુભાશુભભાવ નવા કર્મના બંધમાં નિમિત્ત થાય. આવી બધી પ્રક્રિયાના કાળમાં પણ જ્ઞાનાનંદ પરમાત્મા જે બિરાજમાન છે અંદર, આહાહા! એ શુભાશુભભાવ પ્રગટ થાય છે એના સ્વભાવે થતો નથી. નિજભાવને છોડે નહીં ને પરભાવને ગ્રહે નહીં. આટલી તો જુદાઇ. અજ્ઞાન અવસ્થામાં પણ અજ્ઞાની ન થાય આત્મા. શું કહ્યું? અજ્ઞાન અવસ્થા હોય ત્યારે પણ આત્મા અજ્ઞાની ન થાય. એ તો પર્યાયમાં અજ્ઞાનનો ધર્મ એક સમયનો પ્રગટ થયો છે. ઉપચારથી આત્મા અજ્ઞાની થયો, આત્મા મિથ્યાદ્રષ્ટિ થયો. બધા ઉપચારના કથનો એ વાસ્તવિક કથન નથી.

**તેમના સ્વભાવે પરિણમતો નથી**. પરિણમતો નથી એટલે થતો નથી. એ રાગરૂપે આત્મા થવો અશક્ય છે. આ સાંભળવાનો પ્રશસ્ત રાગ છે ને એ રાગરૂપે આત્મા થયો નથી અત્યારે પણ. એટલે એ સંભાળતો નથી, એટલે એ શુભાશુભથી જુદો રહે છે આત્મા, એ તો જાણનાર, જાણનાર, જાણનાર. આ શુભ થયો એને જાણે, આ સાંભળે એને પણ જાણે. જુદો રહીને જુદો જુદાને જાણે. જુદો જુદાને જાણે, આહા! એવી અંદરમાં એક જ્ઞાયક જળહળ જ્યોતિ બિરાજમાન છે આત્મા.

**તેમના સ્વભાવે** એટલે એ રૂપે થતો, **પરિણમતો નથી** એટલે એ રૂપે થતો નથી. **જ્ઞાયક ભાવથી જડભાવરૂપ થતો નથી**. આહા! શુભાશુભભાવ જડભાવ કહ્યા છે. વ્રત અને અવ્રતના ભાવો જડરૂપ કહ્યા. જડ કેમ? કે પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે. રાગ તો આંધળો છે, આહા! માટે તેને જડભાવ કહેવાણા. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી. સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું જે પુદગલ છે એવું એ નહીં, પણ રાગ પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે. આંધળો ભાવ છે. તેથી તેને જડ અને અચેતન કહેવામાં આવે છે.

તે રૂપે પરિણમતો નથી. **તેથી પ્રમત પણ નથી અને અપ્રમત પણ નથી**. ન્યાય આપ્યો. ઉપરથી પ્રમત-અપ્રમત કેમ નથી? એની સિદ્ધિ કરવા માટે આટલી સિદ્ધિ કરી. આહા! જ્ઞાયકભાવ છે એનું સ્વરૂપ કહ્યું. કહ્યું પહેલા ચાર લીટીમાં. પછી પ્રમત-અપ્રમત નથી એની સિદ્ધિ કરવા માટે અજ્ઞાની હતો પૂર્વે, હતો, હોં! અજ્ઞાની હતો એટલે હતી તો પર્યાય અજ્ઞાન, પણ એમાં અનન્ય કહી ને એવો ઉપચાર, અજ્ઞાની હતો. પૂર્વે કર્મ બંધાણા છે. કર્મ બંધાણા છે? કે હા. કર્મને બાંધ્યા નથી, બંધાણા છે. શું કહ્યું? કર્મ બંધાયા હતા, અત્યારે કર્મ ઉદયમાં આવે છે. સત્તામાં હોય તો ઉદયમાં આવે ને? ઉદયમાં આવે ત્યારે આત્મા જોડાતો નથી. આત્મા એમાં જોડાતો નથી. કર્મના ઉદયમાં આત્મા જોડાય કોઈ દિવસ? એ જોડાતો નથી પણ પરિણતિ સ્વભાવથી ખસીને એમાં જાય છે અને શુભાશુભરૂપે પરિણમે છે, નવા કર્મ બંધાય. ભલે એવિ સ્થિતિ હોય પણ હું તો એ રૂપે થતો નથી. એ તો જુદો ને જુદો હું તો રહું છું, આહાહા! આ બધા સ્વાંગ ને નાટકના ખેલ ભલે થાય પણ એમાં હું નાચતો નથી. હું તો જાણનાર સાક્ષી છું, જ્ઞાતા છું ને એમાં નાચૂં બાચું નહીં. નાચે એ બીજો ને જાણે એ પણ બીજો.